| | |
|---|---|
| Received on | 05-08-2024 |
| Registered on | 05-08-2024 |
| Decided on | 11-03-2026 |

| Duration | Yr. | Mo. | Ds. |
|---|---|---|---|
| | 01 | 07 | 06 |

**કઠલાલના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.**
**કઠલાલ પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૪૦૧૧૬/૨૦૨૪**

**ફોજદારી કેસ નં. ૪૭૧/૨૦૨૪**

**આંકઃ**

**શ્રી સરકાર .............ફરીયાદી**

**વિરૂધ્ધ**

**નેલસનભાઈ જોનભાઈ ગોહીલ**
**રહે.ખ્રિસ્તી ફળીયું, ગામ–ઘોઘાવાડા,**
**તા.કઠલાલ, જી.ખેડા. ......આરોપી**

| | |
|---|---|
| **ગુન્હો** | **ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ** |

| | |
|---|---|
| **શ્રી સરકાર તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી ડી. બી. ચૌહાણ** |
| **આરોપી તર્ફે** | **વિ.વ.શ્રી સી. એસ. શર્મા** |

જયુડી.મેજી.ફ.ક.
કઠલાલ

## ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ) મુજબ નમુના–બી નું પત્રક

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૫–૦૩–૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૬–૦૩–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૫–૦૮–૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૦૫–૦૮–૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૫–૦૨–૨૦૨૬ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | ૨૭–૦૨–૨૦૨૬ |
| ઠરાવની તારીખ | ૧૧–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નીલ |

## આરોપીની વિગત દર્શાવતું પત્રક

| આરોપીનો ચાર્જશીટ મુજબ નંબર | આરોપીનું નામ | આરોપીઓ અટક કર્યાની તારીખ | આરોપીઓ જામીન મુક્ત કર્યાની તારીખ | કયા ગુન્હાનું તહોમત છે | છોડી મુક્યા કે સજા ફરમાવી | ફરમાવવામાં આવેલ સજા | સી.આર.પી.સી કલમ–૪૮૨ના હેતુ માટે, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેટલા સમયગાળા માટે અટક હતા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નેલસનભાઈ જોનભાઈ ગોહીલ | ૧૧–૦૩–૨૦૨૪ | ૧૧–૦૩–૨૦૨૪ | ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | છોડી મુક્યા | નીલ | નીલ |

### <u>ઠરાવ</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી પોતાના મોસાળ ઘોઘાવાડા મુકામે તેઓના મામા નટવરભાઈ મણીલાલ ખ્રિસ્તીનાઓના ઘરે મળવા આવેલ હતા અને ફરીયાદી પોતાના ઘરે અમદાવાદ જવા નીકળેલ હતા. તે વખતે કોલમ નં.૧માં જણાવેલ આરોપીનાઓએ ફરીયાદીને રોકી અગાઉ ઝગડાની અદાવત રાખી ફરીયાદીને ગમે તેમ ગાળો બોલાવા લાગેલ અને માર મારવા સામા થઈ ગયેલ હતા તથા કોલમ નં.૨માં જણાવેલ કા.સ.બા.નાઓએ ફરીયાદીને નીચે પાડી દઈ ગડદાપાટુનો માર મારવા લાગેલ હતા અને કોલમ નં.૧ના આરોપીનાઓએ નજીકમાંથી પ્લાસ્ટીકની પાઈપ લાવી ફરીયાદીને બરડાના ભાગે તેમજ ડાબા

હાથના ભાગે તેમજ ડાબા પગના સાથળના ભાગે ઈજાઓ પહોંચાડી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે. તે મતલબની ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા કઠલાલ પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૪૦૧૧૬/૨૦૨૪ થી નોંધાવતા તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે, જેને ફોજદારી કેસ નં.૪૭૧/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપી કોર્ટમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબના ચાર્જશીટના પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આરોપીને આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ** |
|---|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદી | સુનીલભાઈ છોટુભાઈ રાણા |

**દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૧૩ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૪ | મુદ્દામાલ હથિયારનું પંચનામું |
| ૪ | ૧૫ | મેડિકલ સર્ટિફીકેટ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેખિત પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ.દિલ્હી એડમીનીસ્ટ્રેશન" તથા (૨૦૦૮) ૯, એસ.સી.સી., ૬૭૭, "નિખિલ મર્ચન્ટ વિ.સી.બી.આઈ." તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, "મદનમોહન વિ. સ્ટેટો ઓફ પંજાબ"ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદપક્ષનો પુરાવો પૂરો કરવામાં આવે છે.

(૫) ત્યારબાદ આ કામે આ ફરીયાદપક્ષે આંક–૧૬ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ. આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપી નિર્દોષ છે અને તેઓના ઉપર ખોટી ફરીયાદ કરેલ છે તેવું જણાવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે પક્ષકારોની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત તમામ સંજોગોમાં કેસના માના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્દાઓ</u>

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકરીતે સાબિત કરે છે કે, ફરીયાદી પોતાના મોસાળ ઘોઘાવાડા મુકામે તેઓના મામા નટવરભાઈ મણીલાલ ખ્રિસ્તીનાઓના ઘરે મળવા આવેલ હતા અને ફરીયાદી પોતાના ઘરે અમદાવાદ જવા નીકળેલ હતા. તે વખતે કોલમ નં.૧માં જણાવેલ આરોપીનાઓએ ફરીયાદીને રોકી અગાઉ ઝગડાની અદાવત રાખી ફરીયાદીને ગમે તેમ ગાળો બોલાવા લાગેલ અને માર મારવા સામા થઈ ગયેલ હતા તથા કોલમ નં.૨માં જણાવેલ કા.સ.બા.નાઓએ

ફરીયાદીને નીચે પાડી દઈ ગડદાપાટુનો માર મારવા લાગેલ હતા અને કોલમ નં.૧ના આરોપીનાઓએ નજીકમાંથી પ્લાસ્ટીકની પાઈપ લાવી ફરીયાદીને બરડાના ભાગે તેમજ ડાબા હાથના ભાગે તેમજ ડાબા પગના સાથળના ભાગે ઈજાઓ પહોંચાડી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરી ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

**<u>મુદ્દા નં.૧ તથા ૨ અંગેઃ-</u>**

**(૯.૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરૂધ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિત તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દ્દષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૯.૨)** આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી સુનીલભાઈ છોટુભાઈ રાણાને આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓ ધોરણ-૧૨ સુધી ભણેલ છે. તેમનું મોસાળ ઘોઘાવાડા મુકામે ખ્રિસ્તી ફળીયામાં રહેતા તેમના મામા નટવરભાઈ મણીભાઈ ખ્રિસ્તીનાઓના ઘરે તેઓ તેમના મામાને સાંજના સાતેક વાગ્યે ઘોઘાવાડા મુકામે મળવા આવેલ અને મળીને આવવા માટે નીકળેલા. તેમના મોસાળમાં નેલશનભાઈ જોનભાઈની સાથે તેઓને અગાઉ એકાદ મહીના પહેલા તેમના મમ્મીનું નામ ખાતેદારમાં ચાલે

છે, જે જમીન બાબતે અગાઉ બોલાચાલી થયેલી. તા.૦૫–૦૩–૨૦૨૪ના રોજ સાડા આઠેક વાગ્યાના સુમારે તેઓ ઘોઘાવાડા મુકામે તેમના મામા નટવરભાઈને મળીને અમદાવાદ તેમના ઘરે આવવા નીકળેલા, તે વખતે ખ્રિસ્તી ફળીયામાં રહેતા નેલશનભાઈ જોનભાઈનાઓએ અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી તેઓની રસ્તામાં રોકી, કહેલ કે તારે અહીંયા આવવું નહીં, જેથી તેઓએ જણાવેલ કે તેમના મામાનું ઘરે છે તો તેઓ તેમના મામાને મળવા આવેલા, જેથી તેઓ અને નેલશનભાઈ વચ્ચે રસ્તામાં રોકવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બનાવમાં બીજું કાંઈ બનેલ નહીં. બનાવ બનતા આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલ. તેઓને ધક્કામુક્કી થતાં તેઓને ડાબા હાથે તથા ડાબા પગે ઈજા થયેલી. જેની સારવાર તેઓએ કઠલાલ દવાખાને કરાવેલી. બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે, તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે, જેને રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે. આમ ફરીયાદી તેઓની ફરીયાદને અનુરૂપ પુરાવો આપતા ન હોઈ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ ફરીયાદને અનુરૂપ પુરાવો આપતા નથી.

બચાવપક્ષે ફરીયાદી તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, આ કામના આરોપીએ તેઓને કોઈ ઈજા પહોંચાડેલ નથી તથા આ કામના આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહીં તથા બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તથા હાલ તેઓ તેમના ગામમાં નિર્ભયતાથી રહે છે તથા બનાવ પહેલાથી આરોપીને ઓળખે છે.

**(૧૦)** તે રીતે આ કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવાઓ ધ્યાને વંચાણે લેતા, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામે આંક–૧૧ થી ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. વધુમાં ફરીયાદી ઘોઘાવાડા મુકામે તેમના મામા નટવરભાઈને મળીને અમદાવાદ ઘરે આવવા નીકળેલા તે વખતે ખ્રિસ્તી

ફળીયામાં રહેતા આરોપી નેલશનભાઈ સાથે અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી તેઓને રસ્તામાં રોકી કહેલ કે તારે અહીંયા આવવું નહીં, જે બાબતે તેઓએ જણાવેલ કે તેઓના મામાનું ઘર છે, તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે બાબતે આરોપીએ ફરીયાદી સાથે બાલોચાલી કરી ગુન્હો કરેલાની હકીકતનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા હતા. તેમજ ઉલટતપાસમાં પણ તેઓ સ્વીકાર કરે છે કે, આરોપીએ તેઓને કોઈ ઈજા પહોંચાડેલ નથી તથા આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહીં તથા બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તથા હાલ તેઓ તેમના ગામમાં નિર્ભયતાથી રહે છે. જેના કારણે આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપીએ ફરીયાદીને મુદ્દામાલ હથિયાર વડે તથા ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકત શંકા ઉપજાવે તેમ હોય તે હકીકત જયારે અન્ય કોઈ સચોટ પુરાવો તેના સમર્થનમાં ન આવે તો પુરવાર માની શકાય નહીં.

**(૧૧)** વધુમાં સદર કામે આંક-૧૩ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક-૧૪ થી મુદ્દામાલ હથિયારનું પંચનામું તથા આંક-૧૫ થી મેડિકલ સર્ટિફીકેટ રજુ થયેલ છે, જે ધ્યાને લેતા પંચનામાઓની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે, પરંતુ આ કામે જયારે ફરીયાદી અને આરોપીને ફકત બોલાચાલી થયા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આપેલ છે અને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા અંગે ઈન્કાર કરેલ છે તેવા સંજોગોમાં માત્ર પંચનામું રજુ કર્યેથી અને તેટલી જ હકીકત આધારે સદરહું પંચનામાની હકીકતો ગ્રાહ્ય રાખી તેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૨)** આમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાન પર લેવામાં આવે તો બનાવ ફક્ત સામાન્ય બોલાચાલીનો બનેલ છે. ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ, જેમાં ફરીયાદીએ સરતપાસમાં જણાવેલ હકીકતને સમર્થન આપેલ નથી અને ફરીયાદીની ઉલટતપાસમાં પણ ફરીયાદ હકીકતને સમર્થન

આપેલ નથી. તેમજ આ કામે આંક–૧૨ થી રેકર્ડ ઉપર આવેલ ફરીયાદ ધ્યાને લઈ તે માની લેવામાં આવે તો પણ આ કામના આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી અને જે સંજોગોમાં તે દસ્તાવેજી પુરાવાઓને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવું વિરૂધ્ધનું કાંઈ પુરવાર થતું નથી. વધુમાં આ કામે આંક–૧૬ થી ફરીયાદપક્ષ તરફે પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આપવામાં આવેલ હોવાથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ ફરીયાદપક્ષના પુરાવાથી આરોપીએ ગુન્હો કરેલ હોય તેવું બનેલ હોવાની હકીકતને સમર્થન મળતું નથી. તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૨.૧)** આમ, ફરીયાદપક્ષના રેકર્ડ ઉપર આવેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો તે પુરાવાથી ફલીત થતું નથી કે, ફરીયાદી પોતાના મોસાળ ઘોઘાવાડા મુકામે તેઓના મામા નટવરભાઈ મણીલાલ ખ્રિસ્તીનાઓના ઘરે મળવા આવેલ હતા અને ફરીયાદી પોતાના ઘરે અમદાવાદ જવા નીકળેલ હતા. તે વખતે કોલમ નં.૧માં જણાવેલ આરોપીનાઓએ ફરીયાદીને રોકી અગાઉ ઝગડાની અદાવત રાખી ફરીયાદીને ગમે તેમ ગાળો બોલાવા લાગેલ અને માર મારવા સામા થઈ ગયેલ હતા તથા કોલમ નં.૨માં જણાવેલ કા.સ.બા.નાઓએ ફરીયાદીને નીચે પાડી દઈ ગડદાપાટુનો માર મારવા લાગેલ હતા અને કોલમ નં.૧ના આરોપીનાઓએ નજીકમાંથી પ્લાસ્ટીકની પાઈપ લાવી ફરીયાદીને બરડાના ભાગે તેમજ ડાબા હાથના ભાગે તેમજ ડાબા પગના સાથળના ભાગે ઈજાઓ પહોંચાડી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરી ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના આક્ષેપિત ગુન્હાના કોઈ તત્વો રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુન્હાઓ

નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧. આ કામના આરોપી નેલસનભાઈ જોનભાઈ ગોહીલ રહે.ખ્રિસ્તી ફળીયું, ગામ-ઘોઘાવાડા, તા.કઠલાલ, જી.ખેડાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) મુજબ ઈ.પી.કો. કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે, પીટીશન થયેથી, જે-તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે અગાઉ આપેલ જામીન તે સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે મુદ્દામાલ કબ્જે કરેલ હોય તેનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૧મી માહે-માર્ચ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**કઠલાલ.**

**તા.૧૧/૦૩/૨૦૨૬** **(આદિલખાન લીયાકતખાન પઠાણ)**

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કઠલાલ**

**U.I.C.NO.GJ01684**

જયુડી.મેજી.ફ.ક.
કઠલાલ